# ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ

*જી.એસ. પ્રજાપતિ*

બી.એ.એલએલ.બી., એડવોકેટ,

C/o. રઈશ લીગલ કન્સલટન્ટ,

ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.

જી.ગાંધીનગર.

મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

**G.S.Prajapati**

B.A.L.L.B, Advocate,

C/o. Rais Legal Consultant,

Nr. Tower Chowk, Kalol- 382721,

Dist. Gandhinagar.

Mo. 99256 35966

તારીખ :- ૧૬/૦૨/૨૦૨૧

## -: ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ :-

આથી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના કસ્બે કલોલ ગામની સીમની નીચે જણાવ્યા મુજબની **મલ્ટી પરપઝના હેતુ સારૂ બીન ખેતી થયેલ જમીન આર.આર. કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીની** સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે. તેમજ સદરહુ જમીન નીચે ચકાસણી કરેલ દસ્તાવેજો મુજબ કોઈપણ પ્રકારના હસ્તાંતરને પાત્ર કોઈ લેખો કરી આપેલ નથી. તેમજ સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ શરતોને આધીન આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| રેવન્યુ સર્વે નંબર | : | ૧૧૬૪ |
| ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર | : | ૪ (કલોલ - ઓળા) |
| ફાઈનલ પ્લોટ નંબર | : | ૯૮ |
| રે.સર્વે નં. મુજબ ક્ષેત્રફળ | : | **૩૯૪૬/૦૦ ચો.મી.** |
| ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ | : | **૨૩૫૪/૦ ચો.મી.** |
| પ્રકાર | : | **મલ્ટીપરપઝના હેતુ સારૂ બીન ખેતી થયેલ ખુલ્લી જમીન** |

*જી.એસ. પ્રજાપતિ*

બી.એ.એલએલ.બી., એડવોકેટ,

C/o. રઈશ લીગલ કન્સલટન્ટ,

ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.

જી.ગાંધીનગર.

મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

*G.S.Prajapati*

B.A.L.L.B, Advocate,

C/o. Rais Legal Consultant,

Nr. Tower Chowk, Kalol- 382721,

Dist. Gandhinagar.

Mo. 99256 35966



**-: રીપોર્ટ ઓન સર્ચ :-**

આથી અમો નીચે સહી કરનાર જી.એસ. પ્રજાપતિ એડવોકેટ રહે. કલોલ વાળાએ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના **કસ્બે કલોલ** ગામની સીમના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની જમીન આર.આર.કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના સ્વતંત્ર ખાતે ચાલતી આવેલ છે અને તેઓએ સદર જમીન તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત આવેલી હોવાનું જણાવી સદર જમીનનાં રાઈટસ ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનું અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરતા સદરહુ જમીનના જરૂરી દસ્તાવેજો રેવન્યુ રેકર્ડ કે જેની વિગતો નીચે જણાવ્યા મુજબ છે. તે તમામ આધાર પુરાવા અમોએ વંચાણે તેમજ અવલોકને લીધા.

- કસ્બે કલોલ , તા.કલોલના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની જમીનના ૭/૧૨ ના ઉતારાની તથા ૮-અ ની નકલ.
- કસ્બે કલોલ, તા.કલોલના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની જમીનના ૭/૧૨ માં પડેલ તમામ હકક પત્રકની નકલો.
- તારીખ : ૨૦/૦૧/૨૦૨૧ ના રોજ સંદેશ પેપરમાં આપેલ જાહેર નોટીસ.
- તારીખ : ૨૬/૧૧/૨૦૨૦ ના રોજ અનુક્રમ નં. ૯૮૪૩ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજની નકલ.
- કલેકટર સાહેબશ્રી, ગાંધીનગરના તારીખ : ૦૬/૦૩/૨૦૧૯ ના રોજના બીન

જી.એસ. પ્રજાપતિ
બી.એ.એલએલ.બી., એડવોકેટ,
C/o. રઈશ લીગલ કન્સલટન્ટ,
ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.
જી.ગાંધીનગર.
મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

G.S.Prajapati
B.A.L.L.B, Advocate,
C/o. Rais Legal Consultant,
Nr. Tower Chowk, Kalol- 382721,
Dist. Gandhinagar.
Mo. 99256 35966



ખેતીના હુકમની નકલ.

- અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ તરફથી તારીખ : ૧૩/૧૧/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ વિકાસ પરવાનગીની નકલ.

- તારીખ : ૨૭/૦૧/૨૦૨૧ સુધીનું કલોલ સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી મેળવેલ સર્ચ રીપોર્ટની નકલ.

ઉપરોક્ત જણાવેલ દસ્તાવેજી પુરાવા તેમજ આધારો ની તપાસ કરતા અમોને એવુ માલુમ પડે છે કે,

- કસ્બે કલોલ ગામની સીમના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની જમીન અગાઉ સૌ પ્રથમ પઠાણ ગુલાબખાં ઉમેદખાં મૈયત થવાથી વારસાઈ હકકે પઠાણ મહમદખાં ગુલાબખાંના ખાતે રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૪૭૪ ની પડી પ્રમાણીત થવાથી દાખલ થયેલ.

ત્યારબાદ બીજા હકકમાં ફેરફાર નોંધ નંબર : ૧૧૩૩ ની વિગત તગાવીના તારણ અંગેની નોંધ પડી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ પઠાણ મહંમદખાં ગુલાબખાં મૈયત થવાથી વારસાઈ હકકે તેમના સીધી લીટીના વારસદારો (૧) પઠાણ અમીરખાં મહંમદખાં તથા (૨) પઠાણ શેરખાં મહંમદખાંના નામો રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૨૦૨૬ ની પડી પ્રમાણીત થવાથી દાખલ થયેલ.

ત્યારબાદ અમીરખાં મહંમદખાએ કલોલના ખેડુતોની વિવિધ કાર્યકારી સહકારી મંડળીમાંથી ધીરાણ મેળવેલ કલોલના ખેડુતોની વિવિધ કાર્યકારી સહકારી મંડળીના એકરારનામાં આધારે બોજાની નોંધ રેકર્ડે ફરેફાર નોંધ નંબર : ૩૭૦૪ ની પડી પ્રમાણીત

જી.એસ. પ્રજાપતિ
બી.એ.એલએલ.બી., એડવોકેટ,
C/o. રઈશ લીગલ કન્સલટન્ટ,
ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.
જી.ગાંધીનગર.
મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

**G.S.Prajapati**
B.A.L.L.B, Advocate,
C/o. Rais Legal Consultant,
Nr. Tower Chowk, Kalol- 382721,
Dist. Gandhinagar.
Mo. 99256 35966



થયેલ.

ત્યારબાદ મજકુર જમીનના બીજા હકકમાં નોંધાયેલ તગાવી તારણની રકમ ભરપાઈ થયેલ હોઈ તાલુકા પંચાયત કેચરીના તારીખ : ૦૨/૦૧/૧૯૭૩ ના રોજના દાખલા આધારે બોજા મુકિતની નોંધ રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૩૮૧૪ ની પડી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ ફેરફાર નોંધ નંબર : ૩૯૪૮ ની વિગતે મે. જીલ્લા ઈન્સપેકટર જમીન દફતર મહેસાણા, વિસનગરના હુકમ નંબર : એસ.આર.વી.કયારી, તારીખ : ૨૬/૧૦/૭૧ થી આવેલ પત્રક મુજબ રકબામાંથી ઘટાડો કરવા હુકમ કરેલ છે અને જે અન્વયે રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ નો આકાર રૂા. ૦-૩૧ પૈસાનો ઘટાડો કેરલ.

ત્યારબાદ અમીરખાં મહંમદખાં પઠાણ તારીખ : ૩૦/૦૧/૧૯૮૪ ના રોજ મૈયત થવાથી વારસાઈ હકકે તેમના સીધી લીટીના વારસદારો પઠાણ ફાતમાબેન તે અમીરખાં મહંમદખાંની વિધવા તથા પઠાણ યુસુફખાં અમીરખાં તથા પઠાણ નસીબબાનુ અમીરખાં તથા પઠાણ આબેદાબાનુ અમીરખાં તથા પઠાણ ગુલાબખાં અમીરખાં તથા પઠાણ ફીરોજખાં અમીરખાં તથા પઠાણ અફરોજબાનુ અમીરખાં તથા પઠાણ શાહીનબાનુ અમીરખાં સ.પા.ક. બાઈ ફાતમાબેનના નામો રેવન્યુ રેકર્ડે વારસાઈની ફેરફાર નોંધ નંબર : ૬૬૩૨ ની તારીખ : ૦૨/૦૪/૧૯૮૪ ના રોજ પડી પ્રમાણીત થવાથી દાખલ થયેલ.

ત્યારબાદ પઠાણ શેરખાં મહંમદખાં તારીખ : ૦૧/૦૩/૧૯૯૨ ના રોજ મૈયત

જી.એસ. પ્રજાપતિ
બી.એ.એલએલ.બી., એડવોકેટ,
C/o. રઈશ લીગલ કન્સલટન્ટ,
ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.
જી.ગાંધીનગર.
મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

G.S.Prajapati
B.A.L.L.B, Advocate,
C/o. Rais Legal Consultant,
Nr. Tower Chowk, Kalol- 382721,
Dist. Gandhinagar.
Mo. 99256 35966



થવથી તેમના સીધી લીટીના વારસદારો (૧) પઠાણ શકીનાબેન તે શેરખાં મહંમદખાંની વિધવા તથા (૨) પઠાણ ઈસ્લમખાં શેરખાં તથા (૩) પઠાણ ફરજાનાબેન શેરખાં ના નામો રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૮૫૩૨ ની તારીખ : ૧૨/૧૦/૧૯૯૩ ના રોજ પડી પ્રમાણીત થવાથી દાખલ થયેલ.

ત્યારબાદ મજકુર જમીનના હકકમાં કલોલ પરાના ખેડુતોની વિ.કાર્યકારી સહકારી મંડળી લી. ના નોંધાયેલ બોજાની રકમ ભરપાઈ કરતા કલોલ પરાના ખેડુતોની વિ.કાર્યકારી સહકારી મંડળી લી. ના પત્ર નં. ૧૭, તારીખ : ૦૧/૧૨/૧૯૯૩ ના દાખલ આધારે બોજા મુકિતની નોંધ રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૮૫૫૯ ની પડી પ્રમાણીત થયેલ અને જે બોજા મુકિતની નોંધ દુબાર રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૯૯૮૨ ની તારીખ : ૨૧/૦૧/૨૦૦૨ ના રોજ પડી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની જમીન તેના માલીકો પઠાણ ફાતમાબેન તે અમીરખાં મહંમદખાંની વિધવા તથા પઠાણ યુસુફખાં અમીરખાં તથા પઠાણ નસીબબાનુ અમીરખાં તથા પઠાણ આબેદાબાનુ અમીરખાં તથા પઠાણ ગુલાબખાં અમીરખાં તથા પઠાણ ફીરોજખાં અમીરખાં તથા પઠાણ અફરોજબાનુ અમીરખાં તથા પઠાણ શાહીનબાનુ અમીરખાં તથા પઠાણ શકીનાબેન શેરખાં તથા પઠાણ ઈસ્લામખાં શેરખાં તથા પઠાણ ફરજાનાબેન શેરખાં પાસેથી મલેક નિઝામભાઈ હસનભાઈએ રૂા.૭૦,૦૦૦/- પુરામાં રજી. વેચાણ દસ્તાવેજ આધારે ખરીદ કરેલ અને જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ તેઓએ કલોલ સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નંબર : ૬૦૭ થી તારીખ :

જી.એસ. પ્રજાપતિ
બી.એ.એલએલ.બી., એડવોકેટ,
C/o. રઈશ લીગલ કન્સલટન્ટ,
ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.
જી.ગાંધીનગર.
મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

G.S.Prajapati
B.A.L.L.B, Advocate,
C/o. Rais Legal Consultant,
Nr. Tower Chowk, Kalol- 382721,
Dist. Gandhinagar.
Mo. 99256 35966



૧૭/૦૫/૨૦૦૨ ના રોજ નોંધાયેલ અને જે વેચાણ વ્યવહારની નોંધ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૦૦૩૬ ની તારીખ : ૦૧/૭/૨૦૦૨ ના રોજ પડી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ હસ્ત લેખથી કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ થતા મલેક નિઝામભાઈ હસનભાઈનું નામ શરતચુકથી મલેક નીઝીનભાઈ હસનભાઈ લખાયેલ છે જે ખોટુ હોઈ તેની જગ્યાએ સાચુ નામ મલેક નિઝામભાઈ હસનભાઈ સુધારો કરવા અંગેની હુકમની નોંધ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૦૯૫૬ ની તારીખ : ૧૯/૦૧/૨૦૦૭ ના રોજ પડી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મજકુર રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની જમીન મલેક નિઝામભાઈ હસનભાઈ પાસેથી આરીફમીયાં સરદારમીયાંએ રૂા.૧,૦૦,૦૦૦/ અંકે રૂપીયા એક લાખ પુરામાં રજી. વેચાણ દસ્તાવેજ આધારે ખરીદ કરેલ અને જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મલેક નિઝામભાઈ હસનભાઈએ આરીફમીયાં સરદારમીયાંને કલોલ સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નંબર : ૫૯૮૯ ની તારીખ : ૦૩/૧૦/૨૦૦૯ ના રોજ નોંધાવી કરી આપેલ અને જે વેચાણ વ્યવહારની નોંધ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૨૦૯૨ ની તારીખ : ૦૪/૦૨/૨૦૧૦ ના રોજ પડી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મજકુર રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની હે.આરે.ચો.મી. : ૦/૨૩/૫૪ ના માપની જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નંબર : ૪(કલોલ-ઓળા) માં કરી ફાઈનલ પ્લોટ નંબર : ૯૮ ક્ષે. ૨૩૫૪/૦૦ ચો.મી. ના માપનો આપવામાં આવેલ.

ત્યારબાદ મજકુર રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪, ટી.પી.સ્કીમ નંબર : ૪(કલોલ-ઓળા) ના ફાઈનલ પ્લોટ નંબર : ૯૮ ની ક્ષે. ૨૩૫૪/૦૦ ચો.મી. ના માપની જમીન

જી.એસ. પ્રજાપતિ
બી.એ.એલએલ.બી., એડવોકેટ,
C/o. રઈશ લીગલ કન્સલટન્સ,
ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.
જી.ગાંધીનગર.
મો. ૯૮૨૫૬ ૩૫૯૬૬

G.S.Prajapati
B.A.L.L.B, Advocate,
C/o. Rais Legal Consultant,
Nr. Tower Chowk, Kalol- 382721,
Dist. Gandhinagar.
Mo. 98242 11361



મલ્ટીપરપઝના હેતુ સારૂ બીન ખેતીમાં ફેરવવા અરજી કરતા મે.કલેકટર સાહેબશ્રી, ગાંધીનગરના હુકમ નંબર : સીબી/એન.એ./ગાંધીનગર/કલોલ/૧૧૬૪/૯૯૬૬૫૫/ ૨૦૧૯, તારીખ : ૦૬/૦૩/૨૦૧૯ ના આદેશથી મલ્ટીપરપઝના હેતુ સારૂ બીનખેતી પરવાનગી આપવા હુકમ કરેલ અને જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૬૧૪૧ ની તારીખ : ૨૫/૦૩/૨૦૧૯ ના રોજ પડી પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મજકુર ફાઈનલ પ્લોટ નંબર : ૯૮ ની જમીનમાં ફલેટો તેમજ દુકાનોના બાંધકામ કરવા અંગે મંજુરી માટે આરીફમીયાં સરદારમીયાંએ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળમાં અરજી કરેલ અને મજકુર જમીનમાં ફલેટો તેમજ દુકાનો અંગેના બાંધકામ કરવાની વિકાસ પરવાનગી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ તરફથી તારીખ : ૧૩/૧૧/૨૦૨૦ ના હુકમ/ક્રમાંક : પી.આર.એમ./ ૩૦/૦૨/૨૦૨૦/૩૭૭ થી આપવામાં આવેલ છે.

ત્યારબાદ રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪, ટી.પી.સ્કીમ નંબર : ૪(કલોલ-ઓળા) ના ફાઈનલ પ્લોટ નંબર : ૯૮ ની ક્ષે. ૨૩૫૪/૦૦ ચો.મી. ના માપની જમીન આરીફમીયાં સરદારમીયાં પાસેથી આર.આર.કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો (૧) મેમણ મોહંમદઅસ્ફાક અબ્દુલગની તથા (૨) ઘાંચી અલ્તાફભાઈ મહંમદભાઈએ રૂા. ૬૮,૩૦,૦૦૦/- પુરામાં રજી. વેચાણ દસ્તાવેજ આધારે ખરીદ કરેલ અને જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ કલોલ સબ રજીસ્ટ્રાર કચેરીમા અનુક્રમ નંબર : ૯૮૪૩ થી તારીખ : ૨૬/૧૧/૨૦૨૦ ના રોજ નોંધાયેલ અને જે વેચાણ વ્યવહારની નોંધ

*જી.એસ. પ્રજાપતિ*

બી.એ.એલએલ.બી., એડવોકેટ,

C/o. રઈશ લીગલ કન્સલટન્સ,

ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.

જી.ગાંધીનગર.

મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

**G.S.Prajapati**

B.A.L.L.B, Advocate,

C/o. Rais Legal Consultant,

Nr. Tower Chowk, Kalol- 382721,

Dist. Gandhinagar.

Mo. 98242 11361



રેવન્યુ રેકર્ડે ફેરફાર નોંધ નંબર : ૧૭૦૮૫ ની તારીખ : ૨૬/૧૧/૨૦૨૦ ના રોજ પડી પ્રમાણીત થયેલ.

એ રીતે ત્યારથી મજકુર રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪, ટી.પી.સ્કીમ નંબર : ૪(કલોલ-ઓળા) ના ફાઈનલ પ્લોટ નંબર : ૯૮ ની ક્ષે. ૨૩૫૪/૦૦ ચો.મી. ના માપની જમીન ના માલીક આર.આર.કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીની માલીકીની થયેલ અને જે જમીન જેઓના સ્વતંત્ર ખાતે ચાલતી આવેલ છે.

ઉપરોકત જમીનનું રેવન્યુ રેકર્ડ તપાસતા તથા ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનું અમોએ બારીકાઈથી નીરીક્ષણ કરેલ છે. તેમજ સદરહુ જમીન હાલમાં ચોખ્ખી, માર્કેટેબલ તેમજ બોજા મુકત હોવાનું જણાવી ઉપરોકત અમારા અસીલએ અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરતા અમો એડવોકેટ શ્રી જી.એસ.પ્રજાપતિનાએ તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ સદરહુ જમીનના ટાઈટલ કલીયર આપવા સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે લાગભાગ, હકક હીસ્સો કે વાંધો તકરાર હોય તો તે રજુ કરવા બાબતની "જાહેર નોટીસ" દૈનીક પેપર "સંદેશ પેપર" મુખ્ય આવૃત્તીમાં પેજ નંબર : ૧૨ ઉપર પ્રસિધ્ધ કરેલ. જેમાં આજદીન સુધીમાં સદરહુ જમીનના ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપવા સામે કોઈનો કોઈપણ પ્રકારનો લેખીત વાંધો અમો એડવોકેટશ્રીને મળેલ નથી.

તેમજ સદરહુ જમીન બાબતે અમોએ રજુ દસ્તાવેજો આધિન રેકર્ડની ચકાસણી તેમજ સબ રજીસ્ટ્રાર શ્રી કલોલની કચેરીમાં ઉપસ્થીત તમામ રેકર્ડની તપાસ - શોધ સને : ૧૯૯૦

જી.એસ. પ્રજાપતિ

બી.એ.એલએલ.બી., એડવોકેટ,

C/o. રઈશ લીગલ કન્સલટન્સ,

ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.

જી.ગાંધીનગર.

મો. ૯૯૨૫૬ ૩૫૯૬૬

G.S.Prajapati

B.A.L.L.B, Advocate,

C/o. Rais Legal Consultant,

Nr. Tower Chowk, Kalol- 382721,

Dist. Gandhinagar.

Mo. 98242 11361



થી સને : ૨૦૨૦ સુધી નું રેકર્ડ સબ રજીસ્ટ્રાર કચેરીમાં તપાસ કરી રેકર્ડની સ્થિતિ જણાવેલ છે. જેમાં સને : ૧૯૯૧ તથા ૧૯૯૨ તથા ૧૯૯૩ તથા ૧૯૯૫ તથા ૧૯૯૬ તથા ૧૯૯૭ તથા ૧૯૯૮ તથા ૨૦૦૦ તથા ૨૦૦૧ તથા ૨૦૦૨ તથા ૨૦૦૩ તથા ૨૦૦૪ તથા ૨૦૦૫ તથા ૨૦૦૬ તથા ૨૦૦૭ ના રેકર્ડના પાના ફાટેલ છે. જે તપાસતા સદર મીલકત બાબતે ઉપરોકત જણાવ્યા મુજબના વ્યવહારો સિવાય નીચે જણાવ્યા મુજબનો દસ્તાવેજ નોંધાયેલ છે.

- પઠાણ આબેદાબાનુ અમીરખાં મૈયતના સીધી લીટીના વારસદાર હસનખાં મહંમદખાં એ તારીખ : ૧૭/૦૫/૨૦૦૨ ના રોજ અનુક્રમ નંબર : ૬૦૭ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ તેમજ તારીખ : ૦૩/૧૦/૨૦૦૯ ના રોજ અનુક્રમ નંબર : ૫૯૮૯ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ અન્વયે કબુલાતનો લેખ આરીફમીયાં સરદારમીયાંની તરફેણમાં કલોલ સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નંબર : ૧૨૪૧૦ થી તારીખ : ૦૩/૧૨/૨૦૦૧૮ ના રોજ નોંધાવી કરી આપેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબના વ્યવહારો સિવાય અન્ય કોઈપણ પ્રકારના દસ્તાવેજો કે લેખો કરારો કે બોજા હાલમાં સદર જમીન બાબતે નોંધાયેલ નથી.

અમોને હાલના માલીક તરફથી જણાવવામાં આવેલ છે કે સદરહુ જમીન કયારેય પણ સીકયુરીટી તરીકે કે જામીન તરીકે મુકવામાં આવેલ નથી કે તેની ઉપર કોઈપણ પ્રકારનો બોજો, જોખમ કે ચાર્જ કરવામાં આવેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈપણ પ્રકારના

જી.એસ. પ્રજાપતિ
બી.એ.એલએલ.બી., એડવોકેટ,
C/o. રઈશ લીગલ કન્સલટન્સ,
ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.
જી.ગાંધીનગર.
મો. ૯૮૨૫૬ ૩૫૯૬૬

**G.S.Prajapati**
B.A.L.L.B, Advocate,
C/o. Rais Legal Consultant,
Nr. Tower Chowk, Kalol- 382721,
Dist. Gandhinagar.
Mo. 98242 11361




લ્હેંણા બાકીમાં નથી કે સદરહુ મીલકત ઉપર હાલમાં કોઈ દાવા ચાલતા નથી કે પેન્ડીંગ નથી કે સદરહુ જમીન બાબતે કોઈ હુકમનામાં કે ડીક્રી કે હુકમો કોઈ કોર્ટ કે સત્તા અધિકારી ધ્વારા આપવામાં આવેલ નથી કે જેનાથી સદરહુ મીલકતના ટાઈટલના વિરૂધ્ધ અસર કરે.

અમોને તમો ધ્વારા સદરહુ જમીન બાબતેના ઉપરોકત જણાવ્યા મુજબના ડોકયુમેન્ટ જ આપવામાં આવેલ છે જે ડોકયુમેન્ટ આધારે તેમજ તે ડોકયુમેન્ટ સાચા અને ખરા હોવાનું વિશ્વાસ રાખી આ અભિપ્રાય આપેલ છે.

સદરહુ જમીન અંગે લાગુ પડતી સબ રજીસ્ટ્રાર કચેરીના ઈન્ડેક્ષ-૨ ના હાલમાં હયાત અને સચવાયેલા અને પ્રાપ્ય એવા રેકર્ડની અમારા કલાર્ક ધ્વારા તપાસણી કરવામાં આવેલ છે અને સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી લાગુ વર્ષોની કોમ્પયુટરાઈઝડ સર્ચ યાને શોધ મેળવેલ છે. પરંતુ કચેરીનું ઘણો રેકર્ડ ફાટી ગયેલો તથા ક્ષતિગ્રસ્ત છે અને તેવા પ્રાપ્ય રેકર્ડ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

આ ટાઈટલ અંગે વકીલશ્રીનો અભિપ્રાય ફકત છે. પરંતુ સદરહુ જમીન અંગે મીલકત માલીક હાલના કે અગાઉના કે વખતો વખતના પક્ષકારો દ્વારા કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર કૃત્ય, દસ્તાવેજ, લખાણો કે કાર્ય કરવામાં આવેલ હોય અગર કોઈ વીગત, હકીકત કે લખાણ છુપાવેલ હોય કે ખોટી હકીકત દર્શાવેલ હોય અને તેના આધારે ભવિષ્યમાં કોઈ કાનુની કાર્યવાહી થાય તો આ અભિપ્રાય આપનાર વકીલશ્રીને તે બાબત જવાબદાર ગણી શકાશે નહી કે તેવી કોઈ કાનુની કે સરકારી અર્ધ સરકારી કાર્યવાહીમાં વકીલશ્રીને પક્ષકાર

જી.એસ. પ્રજાપતિ

બી.એ.એલએલ.બી., એડવોકેટ,

C/o. રઈશ લીગલ કન્સલટન્સ,

ટાવર પાસે, કલોલ- ૩૮૨૭૨૧.

જી.ગાંધીનગર.

મો. ૯૮૨૫૬ ૩૫૯૬૬

**G.S.Prajapati**

B.A.L.L.B, Advocate,

C/o. Rais Legal Consultant,

Nr. Tower Chowk, Kalol- 382721,

Dist. Gandhinagar.

Mo. 98242 11361



બનાવી શકાશે નહી. તેવી સ્પષ્ટ સમજણ સાથે આ અભિપ્રાય તમો ધ્વારા મેળવવામાં આવેલ છે.

આમ સદરહુ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના રેવન્યુ સર્વે નંબર : ૧૧૬૪ ની હે.આરે.ચો.મી. : ૦/૨૩/૫૪ ના માપની જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નંબર : ૪(કલોલ-ઓળા) માં કરી ફાઈનલ પ્લોટ નંબર : ૯૮ ક્ષે. ૨૩૫૪/૦૦ ચો.મી. ના માપની મલ્ટીપરપઝના હેતુ સારૂ બીન ખેતી થયેલ જમીન **આર.આર.કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીની** સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને તેઓના સ્વતંત્ર નામે ચાલતી આવેલ છે. તેવુ રેકર્ડની ચકાસણી કરતા જણાઈ આવે છે. અને તેમણે અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ માંગેલ છે. જેથી સદરહુ જમીનની ઉપરોકત જણાવ્યા મુજબની વિગતે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે અને બોજા અગર ચાર્જ રહીત અને વ્યાજબી શંકાઓ રહીત છે અને જે બદલ મહેસુલી કાયદાઓને આધીન તેમજ રેવન્યુ રેકર્ડને તેમજ કલેકટરશ્રી ગાંધીનગરના બીન ખેતીના હુકમની નકલ તેમજ અમદાવાદ શહેરી વિકાસ સત્ત મંડળ તરફથી વિકાસ પરવાનગી આધારે કલીયર હોવા બાબતનો અભીપ્રાય આપવામાં આવેલ છે.

સ્થળ : કલોલ.

તારીખ : ૧૬/૦૨/૨૦૨૧

G.S.Prajapati

Advocate - Kalol